# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યમાં મેટાન્યુમોવાઈરસ HMPV નો એક પોઝિટીવ કેસ નોંધાયો.
2) આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, નાગરિકોએ HMPV વાઈરસથી ગભરાવાની જરૂર નથી.
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું છે કે, આપણા ઉત્પાદનો અને સેવાઓ વિશ્વ બજારમાં સ્પર્ધા કરે તે માટે ભારતીય માનક બ્યુરોનું યોગદાન મહત્વનું છે.
4) રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત મતદાર સુધારણા કાર્યક્રમમાં ત્રણ લાખ પંચાણુ હજાર કરતાં વધુ નવાં મતદારો નોધાયાં.
5) ખ્યાતિ હોસ્પિટલ કેસમાં કાર્તિક પટેલની અગોતરા જામીન અરજી અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કાર્ટે ફગાવી દીધી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HMPV Positive Case

રાજ્યમાં મેટાન્યુમોવાઈરસ HMPV નો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. રાજસ્થાનનાં ડુંગરપુરથી સારવાર માટે અમદાવાદ આવેલા બે મહિનાનાં બાળકનું HMPV સેમ્પલ પોઝીટીવ આવ્યું છે. હાલ આ બાળક સારવાર હેઠળ છે. તેની સ્થિતી સંપૂર્ણપણે સ્થિર હોવાનું રાજ્ય સરકારનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યુ છે કે, **તાજેતરમાં ચીનમાં માનવ મેટાન્યુમોવાઈરસનાં કેસો જોવા મળી રહ્યાં છે. આ નવો વાયરસ નથી. આ વાઈરસની ઓળખ વર્ષ 2001 માં થયેલી છે. નાગરિકોએ HMPV થી ગભરાવાની જરૂર નથી. પરંતુ વાઈરસનાં લક્ષણો સમજીને તેના ચેપ સાથે સંબંધિત બાબત જાણવી અને અપનાવવી જરૂરી છે.**

**(બાઈટ - - ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)**

**દરમિયાન રાજ્ય સરકારે આ અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. ઉપરાંત વિદેશથી આવનારા લોકો માટે પણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે. ઉપરાંત, રાજ્યની હોસ્પિટલોને આ વાયરસના પરીક્ષણ માટે RTPCR કીટ ખરીદવા માટે સૂચના આપવામાં આવી છે.**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં આરોગ્ય અધિકારી ભાવેશ સોલંકીએ જણાવ્યું હતું કે, 26 મી ડિસેમ્બરે પોઝિટિવ આવેલ બાળકનાં રિપોર્ટની જાણ હોસ્પીટલ સત્તાવાળાઓએ AMCને ન કરતાં તેમની સામે પગલાં લેવામાં આવશે.**

**(બાઈટ - - ભાવેશ સોલંકી – આરોગ્ય અધિકારી)**

. . . . . . . . . . . . .

# C.M. BIS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું છે કે, આપણા ઉત્પાદનો, સેવાઓ, પ્રોડક્ટસ વિશ્વ બજારમાં સ્પર્ધા કરે તે માટે ભારતીય માનક બ્યુરો મહત્વનું યોગદાન આપે છે.

ભારતીય માનક બ્યુરોનાં 78 માં સ્થાપના દિવસે આયોજિત ક્વોલિટી કોન્કલેવનો મુખ્યમંત્રીએ શુભારંભ કરાવતાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, પ્રધાનમંત્રીએ ઝિરો ઈફેક્ટ – ઝિરો ડિફેક્ટનાં ધ્યેય સાથે મેઈડ ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડની બ્રાન્ડ ઈન્ડિયા ઈમેજનું આપેલું આહ્વાન ક્વોલીટી પ્રોડક્ટ અને સર્વિસીસ સાકાર કરી શકાશે.

(બાઈટ – CM – ભૂપેન્દ્ર પટેલ)

મુખ્યમંત્રીએ આ પ્રસંગે શાળાનાં બાળકોમાં ગુણવત્તા અને માનકને પ્રોત્સહિત કરતી ગુજરાતી કોમિક બુકનું વિમોચન તથા ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# Election

રાજ્યભરમાં યોજાયેલા ખાસ સંક્ષિપ્ત મતદાર સુધારણા કાર્યક્રમ 2025 દરમિયાન એક લાખ 72 હજાર પુરુષ, બે લાખ તેવીસ હજાર સ્ત્રી તથા વીસ ત્રીજી જાતિનાં મળી કુલ ત્રણ લાખ પંચાણુ હજાર કરતાં વધુ મતદારોનો વધારો થયો છે.

ચૂંટણી પંચની સૂચનાથી અને રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ વીસમી ઓગસ્ટથી અઢાર મી નવેમ્બર 2024 દરમ્યાન ઘરે ઘરે જઈને સર્વે હાથ ધરાવામાં આવ્યો હતો. અને મતદારની ચકાસણી કરવામાં આવી હતી. 28 ઓક્ટોમ્બર થી 28 મી નવેમ્બર 2024નાં રોજ જાહેર કરવામાં આવેલી મુસદ્દા મતદાર યાદીમાં બે કરોડ 56 લાખ 56 હજાર કરતાં વધુ પુરુષ, 2 કરોડ 42 લાખ 61 હજાર કરતાં વધુ સ્ત્રીઓ અને 1 હજાર 569 ત્રીજી જાતિનાં મળી કુલ 4 કરોડ 99 લાખ 441 મતદારો નોંધાયા હતાં.

છઠ્ઠી જાન્યુઆરી 2025ના રોજા આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જે અનુસાર 2 કરોડ 58 લાખ 28 હજાર કરતાં વધુ પુરુષ, 2 કરોડ 44 લાખ 84 હજાર કરતાં વધુ સ્ત્રી અને ત્રીજી જાતિનાં એક હજાર 569 મળીને કુલ 5 કરોડ 3 લાખ 15 હજાર 230 મતદારો નોંધાયા છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.....................................

# Borwall - Katch

ભૂજ તાલુકાનાં કંઢરાઈ ગામમાં 18 વર્ષની યુવતી 540 ફૂટ ઉંડા બોરવેલ પડી જતાં તેને બચાવવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. આ અંગે કચ્છ જિલ્લાનાં કલેક્ટર અમિત અરોરાએ વધુ માહિતી આપી....

**(બાઈટ - - અમિત અરોરા, કલેક્ટર કચ્છ )**

. . . . . . . . . . . . .

# Khayati Hospital

ખ્યાતિ હોસ્પિટલ કેસમાં કાર્તિક પટેલની અગોતરા જામીન અરજી અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કાર્ટે ફગાવી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓની બિનજરૂરી ઓપરેશન મામલે ખ્યાતિ હોસ્પીટલનાં ચેરમેન કાર્તિક પટેલ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. પરંતુ કાર્તિક પટેલ અત્યારે વિદેશમાં છે. તેમણે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં અગોતરા જામીન મેળવવા માટે અરજી કરી હતી.

. . . . . . . . . . . . .

# Navsari- Krushi University

નવસારી કૃષિ યુનિવર્સિટીનો વાર્ષિક પદવીદાન સમારોહ આવતી કાલે યોજાશે.

નવસારી કૃષિ યુનિવર્સિટીનો વીસમો વાર્ષિક પદવીદાન સમારોહ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં યોજાનાર આ પદવીદાન સમારંભમાં સ્નાતક કક્ષાના ૪૧૫, અનુસ્નાતક કક્ષાના ૧૭૨ અને પીએચ.ડી. કક્ષાના ૫૪ મળીને કુલ ૬૪૧ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# Patan- Aishe Training

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે આજે કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ઉચ્ચ શિક્ષણ અંગે સર્વે હાથ ધરાયો હતો. ઓલ ઇન્ડિયા સર્વે ઓફ હાયર એજ્યુકેશન દ્વારા ઉત્તર ગુજરાતના પાંચ જીલ્લાઓ-પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જીલ્લાની તમામ કોલેજોના ૩૦૦ થી વધારે નોડલ ઓફિસરોનો તાલીમ કાર્યક્રમ યોજાયો.

. . . . . . . . . . . . .

# Chota Udepur –Bridge

અન્ન, નાગરિક પુરવઠા, રાજ્યમંત્રી ભીખુસિંહજી પરમારે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જોજવા ગામે રૂપિયા ૩૬.૩૬ કરોડના ખર્ચે બનનારા પુલનું ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રીએ  જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા બોડેલી તાલુકાની ઓરસંગ નદી પર બ્રિજ બનવાથી ૮૦ ગામના લોકોને લાભ થશે.

. . . . . . . . . . . .

# Gir Somnath -Khel Mahakumbh

ગીર સોમનાથ જિલ્લામાં તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનો પ્રારંભ થયો છે. તાલુકા કક્ષાની આ સ્પર્ધામાં કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ચેસ, યોગાસન, રસ્સાખેંચ અને એથ્લેટિક્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. તાલુકાકક્ષાની રમતોમાં વિજેતા થયેલા ખેલાડીઓને જિલ્લાકક્ષાએ ભાગ લેવાની તક મળશે.

તારીખ ૧૫ જાન્યુઆરીથી જિલ્લાકક્ષાના ખેલમહાકુંભની શરૂઆત થશે. જેમાં વિવિધ ૨૪ રમતોનો સમાવેશ થશે.. જિલ્લાકક્ષાએ વિજેતા બનેલા ખેલાડીઓ રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

. . . . . . . . . . . . .

# Panchmahal Swagat Karykram

પંચમહાલ જિલ્લાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તારીખ ૨૩ જાન્યુઆરી, ગુરૂવારે ગોધરા ખાતે યોજાશે.

પંચમહાલ જિલ્લાના, અરજદારોએ સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના પ્રશ્ન લેખિતમાં આગામી તારીખ ૧૦ જાન્યુઆરી સુધીમાં સબંધિત કચેરીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજી મારફતે મોકલી આપવાના રહેશે.

આ ઉપરાંત અરજદારો સ્વાગત કાર્યક્રમની વેબસાઈટ swagat.gujarat.gov.in પર પણ ઓનલાઈન અરજી કરી શકશે.

અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ પ્રશ્ન રજૂ કરવાનો રહેશે.

. . . . . . . . . . . . .